"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation

રેફ નં.　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　　તા: ૦૫/૦૯/૨૦૧૭

તંત્રી શ્રી, ____________________　　　　　　　　　　　　　　　　　　　સુરત

જાત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિધ્ધ કરી આભારી કરશોજી.

લિ.

આપનો વિશ્વાસુ,

નીલેશ વિ. માંડલેવાળા, પ્રમુખ

---

**સુરતમાંથી ૧૫માં હૃદયનું દાન.**

**બિહારના શાહ પરિવારના ફક્ત ૧૪ મહિના બ્રેનડેડ "સોમનાથ સુનીલ શાહના" હૃદય અને કિડનીઓનું દાન કરી બે વ્યક્તિઓને નવજીવન આપી પરિવારે માનવતાની મહેક પ્રસારી સમાજને નવી દિશા બતાવી.**

**સુરતથી ૨૬૯ કિ. મી નું અંતર ૯૨ મીનીટમાં કાપીને હૃદયનું ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કલમબોલી નવી મુંબઈની સાડા ત્રણ વર્ષની આરાધ્યા યોગેશ મુલેમાં મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પીટલમાં કરવામાં આવ્યું.**

**સુરત ગુજરાતમાંથી સૌથી નાની ઉંમરના બાળકના હૃદય અને કિડનીઓના દાનનો સૌ પ્રથમ બનાવ પશ્ચિમ ભારતમાં સૌ પ્રથમ વખત સુરત ગુજરાતમાંથી મળેલા સૌથી નાની ઉંમરના બાળકના હૃદયના દાનનું ટ્રાન્સપ્લાન્ટ સૌથી નાની ઉંમરની બાળકીમાં કરવામાં આવ્યું.**

નામ: સોમનાથ સુનીલ શાહ　ઉ. વ. ૧૪ મહિના　બ્લડ ગ્રુપ: O +ve

રહેવાસી : બીલયાનગર – ૧, ચામુંડા ડેરી પાસે, નવાગામ, ડીંડોલી, સુરત

મૂળ રહેવાસી: ગામ: મુબારકપૂર, પો: ચેનપૂર, થાણા: સીસવન, જી: સીવાન, બિહાર

કૌટુંબિક વિગત : પિતા: સુનીલ વિશ્વકર્મા શાહ ઉ.વ. ૨૭
ઉધનામાં દેવચંદ સોસાયટીમાં આવેલ વિવિંગ ખાતામાં સુપરવાઈઝર તરીકે ફરજ બજાવે છે.
માતા: કિરણ સુનીલ શાહ　ઉ.વ. ૨૪
બહેન: કુસુમ સુનીલ શાહ　ઉ.વ. ૪

૨...

**Nilesh Mandlewala**
President
+91 98256 09922

**Sandeep Kumar, IRS**
Vice President
+91 81307 81031

**Rakesh Jain**
Hon. Secretary
+91 98241 10349

**Ramesh Malpani**
Hon. Treasurer
+91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



<u>બનાવની વિગત:</u>

શનિવાર ૨ સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ સોમનાથ સાંજે ૭:૦૦ કલાકે તેના ઘર પાસે રમી રહ્યો હતો ત્યારે દાદર પરથી નીચે પડી જતા માથામાં ગંભીર ઈજાઓ થવાથી પરિવારજનો તેને નજદીકમાં આવેલ ડોક્ટરને ત્યાં સારવાર માટે લઇ ગયા હતા. ડોકટરે તેઓને સોમનાથને તાત્કાલિક સુરત નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવા જણાવ્યું હતું. પરિવારજનો તરત જ તેને નવી સિવિલ હોસ્પીટલમાં લાવી સર્જરી વિભાગના હેડ ઓફ યુનિટ ડૉ. જીગ્નેશ શાહની સારવાર હેઠળ દાખલ કાર્યો. નિદાન માટે CT સ્કેન કરાવતા બ્રેઈન હેમરેજ અને મગજમાં ફેકચર થયું હોવાનું નિદાન થયું હતું.

સોમવાર, તા: ૦૪ સપ્ટેમ્બરના રોજ ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, પિડીયાટ્રીક ન્યુરોફીજીશ્યન ડૉ. રીતેશ શાહ, નવી સિવિલ હોસ્પીટલના RMO ડૉ. કેતન નાયક, સર્જિકલ ICU ના ડૉ. મેહુલ ચૌધરીએ સોમનાથને બ્રેનડેડ જાહેર કર્યો.

નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના ડૉ. નિલેશ કાછડિયાએ ડોનેટ લાઈફના પ્રમુખ નીલેશ માંડલેવાલાનો સંપર્ક કરી સોમનાથના બ્રેનડેડ અંગેની માહિતી આપી.

ડોનેટ લાઈફની ટીમે હોસ્પિટલ પહોંચી ડૉ. નિલેશ કાછડિયાની સાથે રહી સોમનાથના પિતા સુનીલ, માતા કિરણ, નાની સુનીતાબેન, કાકા સવી કુશવાહ, કિરણ પટેલ તેમજ પરિવારના અન્ય સભ્યોને ઓર્ગન ડોનેશનની જાણકારી આપી ઓર્ગન ડોનેશનનું મહત્વ સમજાવ્યું.

સોમનાથના પિતા સુનીલ, માતા કિરણ, તેમજ પરિવારના અન્ય સભ્યોએ જણાવ્યું કે અમારું બાળક બ્રેનડેડ છે અને તેનું મૃત્યુ નિશ્ચિત જ છે, ત્યારે તેના અંગોના દાન થકી તેના જેવા જ નાના બાળકો કે અન્યને નવજીવન મળતું હોય તો અંગદાન માટે આપ આગળ વધો. વધુમાં તેઓએ જણાવ્યું કે એક માતા પિતા તરીકે અમારું બાળક ગુમાવવાનું અમને દુઃખ છે પરંતુ બીજા બાળકોને અમારા બાળકના અંગોના દાન થકી નવું જીવન મળશે તે જાણી અમને એક સંતોષની લાગણી પણ છે અને તેના માતા પિતા હોવાનું ગૌરવ પણ છે. અમારો સોમનાથ ત્રણ વ્યક્તિઓમાં જીવિત રહેશે તેનો આનંદ પણ છે.

પરિવારજનો તરફથી અંગદાનની સંમતિ મળતા નીલેશ માંડલેવાલાએ અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડો. જમાલ રીઝવીનો સંપર્ક કરી અને કિડની તથા લિવરનું દાન

3...

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

**Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961**

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



લેવા આવવા માટે જણાવ્યું. જયારે હૃદયના દાન માટે NOTTOના ડાયરેક્ટર ડૉ. વિમલ ભંડારી અને ડૉ. સુરેશ બધાનનો સંપર્ક કર્યો. હૃદય મુંબઈ મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલને ઓફર કરવામાં આવ્યું.

મુંબઈથી ફોર્ટીસ હોસ્પીટલના કાર્ડિયાક સર્જન ડૉ. સંદીપ સિંહા અને તેમની ટીમે સુરત આવી હૃદયનું દાન સ્વીકાર્યું. જયારે કિડનીઓનું દાન અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે આવી સ્વીકાર્યું.

સુરત નવી સિવિલ હોસ્પીટલ થી મુંબઈની ફોર્ટીસ હોસ્પીટલ સુધીનું ૨૬૯ કિ. મી નું અંતર ૯૨ મીનીટમાં કાપીને દાનમાં મેળવવામાં આવેલા હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ સાડા ત્રણ વર્ષની કલમબોલી નવી મુંબઈની રહેવાસી આરાધ્યા યોગેશ મુલેમાં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

આરાધ્યા છેલ્લાં દોઢ વર્ષથી હૃદયની તકલીફથી પીડાતી હતી. તેના હૃદયની કાર્યક્ષમતા ૫% થી ૧૦% જેટલી હતી. દર બે-ત્રણ મહીને તેને  સારવાર માટે ફોર્ટીસ હોસ્પીટલમાં દાખલ થવું પડતું હતું. છ એક મહિનાથી સોશિયલ મીડિયામાં આરાધ્યાને જલ્દીમાં જલ્દી હૃદય મળે તે માટે "SAVE AARADHYA" ના નામથી પ્રયાસો પણ કરવામાં આવી રહ્યા હતા.

આ કિડનીઓનું દાન સ્વીકારી અમદાવાદની Institute of Kidney Diseases and Research Centre (IKDRC)ના ડૉ. જમાલ રીઝવી અને તેમની ટીમે સવારે ૯:૦૦ કલાકે સુરત નવી સિવિલ હોસ્પિટલ થી  અમદાવાદ જવા રવાના થયા છે અને મોડી રાત સુધીમાં આ કિડનીઓનુ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવશે.

અંગદાન મેળવવાની આ સમગ્ર પ્રક્રિયામાં સોમનાથના પિતા સુનીલ, માતા કિરણ, નાની સુનીતાબેન, કાકા સવી કુશવાહ, કિરણ પટેલ, ન્યુરોસર્જન ડૉ. મેહુલ મોદી, પિડીયાટ્રીક ન્યુરોફીજીશ્યન ડૉ. રીતેશ શાહ, નવી સિવિલ હોસ્પીટલના સર્જરી વિભાગના વડા ડૉ. નિમેશ વર્મા, સર્જરી વિભાગના હેડ ઓફ યુનિટ ડૉ. જીગ્નેશ શાહ, RMO ડૉ. કેતન નાયક, સર્જિકલ ICU ના રેસીડેન્ટ ડૉ. મેહુલ ચૌધરી, ડૉ. લાલજી માંગુકિયા, ડૉ.નીલેશ કાછડિયા, નિર્મલ ચિલ્ડ્રન હોસ્પીટલના ડૉ. નિર્મલ ચોરરીયા, ડૉ. જીગેશ વૈદ્ય,  પિડીયાટ્રીક કાર્ડિયોલોજીસ્ટ ડૉ. રીતેશ સુખારામવાલા, નવી સિવિલ હોસ્પીટલનો સ્ટાફ, ડોનેટ લાઈફના પ્રમુખ શ્રી નીલેશ માંડલેવાલા, મંત્રી શ્રી રાકેશ જૈન, ટ્રસ્ટી હેમંત દેસાઈ, CEO નીરવ માંડલેવાલા, નિમિત પટેલ, ડેનીશ ચોવાલા, મહેન્દ્રસિંહ દરબાર, ડેનીશ સતાસિયા, અસ્ફાક ઈબ્રાહીમ શેખ, સુભાષ જોધાણી, ધવલ પ્રજાપતિ, યોગેશ પ્રજાપતિ અને જીતેન્દ્ર મોરેનો સહકાર સાંપડ્યો હતો.

૪...

"Donate Life"
Opp. IDBI Bank,
Near Kasanagar, Katargam,
Surat-395 004. Gujarat, India.
Email : info@donatelife.org.in
Web : www.donatelife.org.in
**Toll Free No. : 1800 233 1944**
Registration No. E-7652 Dt. 04-12-2014

DONATE LIFE™
an initiative for organ donation



સુરત અને દક્ષિણ ગુજરાતમાંથી અત્યાર સુધી બ્રેનડેડ વ્યક્તિઓના પરિવારજનો સાથે સમજણ કેળવી નીલેશ માંડલેવાલા અને ડોનેટ લાઈફ દ્વારા **૨૨૨ કિડની, ૮૮ લીવર, ૬ પેન્ક્રીઆસ, ૧૫ હૃદય અને ૧૮૬ ચક્ષુઓનો દાન મેળવીને ૫૧૪ વ્યક્તિઓને** નવું જીવન અને નવી રોશની બક્ષવામાં સફળતા મળી છે.

સુરત નવી સિવિલ હોસ્પીટલ થી સુરત એરપોર્ટ સુધીનો માર્ગ તથા મુંબઈ એરપોર્ટથી મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ સુધીના માર્ગને ગ્રીન કોરીડોર કરવા માટે સુરત શહેર પોલીસ કમિશ્નરશ્રી અને મુંબઈ ટ્રાફિક પોલીસનો સહકાર સાંપડ્યો હતો.

**કેડેવર હૃદય ડોનેશનની પ્રક્રિયા નો ઘટના ક્રમ**

૧. સવારે ૦૭:30 કલાકે મુંબઈની મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પીટલના કાર્ડિયાક સર્જન ડૉ. સંદીપ સિંહા અને તેમની ટીમ હૃદયનું દાન સ્વીકારી સુરત નવી સિવિલ હોસ્પીટલથી એરપોર્ટ જવાના રવાના થયા.
૨. સવારે ૦૭:૪૫ કલાકે ડૉ. સંદીપ સિંહા અને તેમની ટીમ સુરત એરપોર્ટ પહોચ્યા.
3. સવારે ૦૭:૫૫ કલાકે સુરત એરપોર્ટથી કોમર્સિયલ ફ્લાઈટમાં ડૉ. સંદીપ સિંહા અને તેમની ટીમ હૃદય લઇ મુંબઈ જવા રવાના થયા.
૪. સવારે ૦૮:૩૫ કલાકે ડૉ. સંદીપ સિંહા અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટ પહોચ્યા.
૫. સવારે ૦૮:૪૦ કલાકે ડૉ. સંદીપ સિંહા અને તેમની ટીમ મુંબઈ એરપોર્ટથી મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલ જવા રવાના થયા.
૬. સવારે ૦૯:૦૨ કલાકે ડૉ. સંદીપ સિંહા અને તેમની ટીમ મુલુંડમાં આવેલ ફોર્ટીસ હોસ્પિટલના ઓપરેશન થીયેટર દાખલ થયા અને હૃદયનું ટ્રાન્સપ્લાન્ટ કલમબોલી નવી મુંબઈની રહેવાસી સાડા ત્રણ વર્ષની આરાધ્યા યોગેશ મુલેમાં ચીફ કાર્ડિયાક સર્જન ડૉ. અનવય મુલે અને તેમની ટીમ દ્વારા કરવામાં આવ્યું છે.

પશ્ચિમ ભારતમાં સૌ પ્રથમ વખત સૌથી નાની ઉંમરના બાળકના હૃદયના દાનનું ટ્રાન્સપ્લાન્ટ સૌથી નાની ઉંમરની બાળકીમાં કરવામાં આવ્યું હોય એવો આ સૌ પ્રથમ બનાવ છે.

છેલ્લા ૨૧ મહિનામાં સુરતમાંથી હૃદય ટ્રાન્સફર અને ટ્રાન્સપ્લાન્ટ કરવાનો આ પંદરમો બનાવ છે, જેમાંથી અગિયાર હૃદય મુંબઈ, એક હૃદય ચેન્નાઈ, બે હૃદય અમદાવાદ અને એક હૃદય ઇન્દોર મોકલવામાં આવ્યું છે.

**Nilesh Mandlewala** President +91 98256 09922 | **Sandeep Kumar, IRS** Vice President +91 81307 81031 | **Rakesh Jain** Hon. Secretary +91 98241 10349 | **Ramesh Malpani** Hon. Treasurer +91 98253 21626

Donation Exempted U/s. 80G(5) of I.T. Act 1961